॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● નિ. આષો સુદ-૯ ● તા. ૨૫-૧૦-૨૦૨૦ ● રવિવાર SDP NO: 190 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

આજે નવરાત્રી નો નવમો દિવસ નવમું નોરતું

હિંદુ ધર્મનાં પૌરાણિક શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે સિદ્ધિદાત્રી એ નવદુર્ગાનું નવમુ સ્વરૂપ છે. તેમને ચાર ભુજાઓ છે, તેમણે એક હાથમાં ગદા અને બીજા હાથમાં ચક્ર ધારણ કરેલું છે. ત્રીજો હાથમાં શંખ અને ચોથા હાથમાં કમળ છે. તેમનું વાહન સિંહ છે પણ મહદાંશે તેઓને કમળ પર બિરાજમાન દર્શાવાય છે. નવરાત્રીના નવમા દિવસે નવદુર્ગાનાં આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે. દેવી સિદ્ધિદાત્રી કેતૂ (ગ્રહ)નું સંચાલન કરે છે. આ દિવસે સાધકે પોતાનું ચિત્ત નિર્વાણ ચક્ર એટલે કે મધ્ય કપાળ પર સાધના કરવાથી તેને દરેક જ પ્રકારની સિધ્ધિની પ્રાપ્તિ થાય છે. સૃષ્ટીમાં કઈ પણ તેના માટે અગમ્ય નથી રહી જતું.

દેવી ભાગવત પુરાણ પ્રમાણે બ્રહ્માંડની શરૂઆતમાં શિવે રચના માટે આદિ-પરાશક્તિની ઉપાસના કરી. એમ માનવામાં આવે છે કે આદિ-પરાશક્તિ દેહ સ્વરૂપ ધરાવતા ન હતા આથી આદિ-પરાશક્તિ શિવનાં અર્ધા દેહમાંથી 'સિદ્ધિદાત્રી' સ્વરૂપે પ્રગટ્યા. આમ શિવના "અર્ધનારીશ્વર" સ્વરૂપમાં અર્ધો દેહ તે દેવી સિદ્ધિદાત્રીનો દર્શાવાય છે. દેવી સિદ્ધિદાત્રીની ઉપાસના મનુષ્ય ઉપરાંત દેવ, ગંધર્વ, યક્ષ અને અસૂર પણ કરે છે.



માતાજી ની આઠમ તેમજ હવન ના શુભ દિવસે ગુજરાત રાજય ના કેબીનેટ મંત્રીશ્રી અને ગુજરાત રાજય ના શિક્ષણમંત્રી ભુપેનદસિંહ ચુડાસમા દ્વારા શ્રી અંબાજી માતાજી મંદિર ની મુલાકાત લીધી અને માતાજી ની આરતી તેમજ હવન નો લાભ લીધો.શ્રી ખોભડી પાટીદાર સનાતન સમાજ ના પ્રમુખશ્રી કાંતિલાલ લાલજી રવાણી દ્વારા સમાજ વતી સાલ ઓઢાડી ને સન્માન કરવામાં આવ્યું હતું.

માતાનામઢમાં આઠમના દિવસે પવિત્ર પત્રીવિધિ યોજાઈ

તેરા જાગીરના ઠાકોર મયુરધ્વજસિંહ જાડેજાએ પત્રી ઝીલી

૧ થી દોઢ મિનિટના ટૂંકાગાળામાં માતાજીના આશીર્વાદથી ખોળામાં પત્રી ઝીલાઈ

ભુજ આશાપુરા મંદિરમાં દેવપર ઠાકોર કૃતાર્થસિંહ જાડેજા એ એક મિનિટ અને પચીસ સેકન્ડ માં માતાજીના આશીર્વાદ સ્વરૂપ પતરી ઝીલી

કચ્છ માટે આ વિધિ મહત્વપૂર્ણ માનવામાં આવે છે

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન વાઢાય ખાતે માતાજીનું હવન

પાટીદાર ભવન. કડોદરા સુરત માં અષ્ટમી ના હવન નો લાભ પ્રમુખશ્રી માવજીભાઈ અને માનદમત્રી એવા ગોપાલભાઈ ભાવાણી દ્વારા હોમાત્મક કાર્ય કરવામાં આવેલ

ગોલ્ડન ગર્લ.. ડાંગ નું ગૌરવ...

સરિતાબેન લક્ષ્મણભાઈ ગાયકવાડ

સરિતા ગાયકવાડ મતલબ ભારતની ગોલ્ડન ગર્લ ડાંગ એક્સપ્રેસ એક સામાન્ય પરિવાર થી ભારતને ગોલ્ડ મેડલ અપાવવાની લાંબી સફર કરી હવે ગુજરાત ની કાયદો વ્યવસ્થા ને મજબુત બનાવવાના સફર ઉપર જઈ રહ્યા છે ત્યારે સરિતાબેનને ગુજરાત પોલીસ મા ફરજીઁ બનવા બદલ ખુબ ખુબ અભિનંદન તેમજ અનેક યુવાન યુવતીઓ માટે તે હંમેશા પ્રેરણારુપ બની રહે તેવી આશા સહ શુભેચ્છાઓ...

સરિતાબેન લક્ષ્મણભાઈ ગાયકવાડ

(જન્મ ૧ જૂન ૧૯૯૪) એક ભારતીય દોડવીર મહિલા છે, જે ૪૦૦ મીટર દોડ અને ૪૦૦ મીટર વિઘ્નદોડમાં નિષ્ણાત છે. તેણી ૪ x ૪૦૦ મીટર રીલેદોડની ભારતીય મહિલા ટીમની પણ સભ્ય હતી કે જેણે **એશિયન રમતો ૨૦૧૮ દરમિયાન સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો છે.** તેણી ગુજરાત સરકારના "**બેટી બચાવો અભિયાન**" માટેની બ્રાન્ડ એમ્બેસેડર પણ છે.

દેશ-દુનિયામાં ગુજરાતનું નામ રોશન કરનાર ડાંગ એક્સપ્રેસ તરીકે ઓળખાતી સરિતા ગાયકવાડને રાજ્ય સરકારે પોલીસ વિભાગમાં નિમણૂક આપી છે. ગુજરાત સરકારે એશિયન ગેમ્સ-૨૦૧૮ની ૪x૪૦૦ રિલે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતનારી સરિતા ગાયકવાડને પોલીસ ખાતામાં નાયબ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક આપી છે. ગૃહરાજ્ય પ્રધાન પ્રદીપસિંહ જાડેજાએ પણ ટ્વીટ કરીને સરિતાને અભિનંદન આપ્યા છે.

PROUD_OF_SARITA_GOLDEN_GIRL

આયકર વિભાગ દ્વારા આપતકાલીન રાહત..

તા. ૨૪.૧૦.૨૦૨૦ ના રોજ ભારત સરકારના રેવન્યુ ડિપાર્ટમેન્ટ દ્વારા વિવિધ રીટર્ન ફાઇલ કરવાની અંતિમ તારીખોમાં વધારો કરવામાં આવ્યો છે જેને લીધે પ્રોફેશનલ પ્રેક્ટિશનર વર્ગ રાહત અનુભવી રહ્યો છે. આ લંબાવેલ તારીખો નીચે મુજબ છે.

૧. નાણાકીય વર્ષ ૨૦૧૮.૧૯ના GSTR 9 અને GSTR 9C સબમિટ કરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦.

૨. ટેક્સ ઓડીટ પાત્ર કરદાતાઓ તેમજ ઇન્ટરનેશનલ ટ્રાન્ઝેક્શન કરદાતાઓ ના નાણાકીય વર્ષ ૨૦૧૯.૨૦ ના આવકવેરાના રીટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૨૧.

૩. અન્ય કરદાતાઓના નાણાકીય વર્ષ ૨૦૧૯.૨૦ના આવકવેરા રીટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦.

૪. ટેક્સ ઓડીટ રીપોર્ટ ફાઇલ કરવાની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦.

'સંબંધમાં તિરાડ' લાગણી, અપેક્ષા કે અહમ...

હરીન્દ્ર દવે એ ખૂબ સરસ કહ્યું છે;

'પ્રેમ કોઈનો કદી પણ ઓછો થતો નથી, માત્ર અપેક્ષા જ વધુ પડતી હોયછે.' કોઈપણ સંબંધમાં તિરાડ એટલે પડે છે કે આપણી આપણા સાથી પાસે અપેક્ષા ખૂબજ હોય છે અને એ નહિ સંતોષાય એટલે તિરાડ પડે છે. કોઈપણ વ્યક્તિને જ્યારે કોઈ રોગ થાય છે ત્યારે તે રોગનું કારણ તન કરતાં મન વધારે હોય છે. અને મનને કષ્ટ પહોંચે છે અપેક્ષા ન પૂરી થવાના કારણે!

એમાં પણ નજીકની વ્યક્તિઓની લાગણી વધારે ટચ કરે અને હર્ટ પણ કરે. પારકા આપણને વધારે દુઃખી કરી શકતા નથી. અને પોતાના પાસેથી સુખી થવાની આશા હોય છે, માટે જ કોઈપણ સંબંધમાં એક સીમા બાંધી દો. કોઈપણ બાબતે ચડ-ભડ થાય તો અહમ ને વચ્ચે ન લાવશો. સમાધાનકારક વલણ અપનાવશો તો સંબંધમાં તિરાડ નહિ જ પડશે. જ્યાં અપેક્ષાઓ હોય છે ત્યાં એ સંબંધ 'ભારરૂપ' હોય છે, અને જ્યાં સમર્પણની લાગણી હશે એ સંબંધ 'ભાવરૂપ' હશે. સંખ્યામાં જો અપેક્ષા હોય તો વ્યક્તિ અંદરથી ખોખલી થઈ જાય છે અને સંબંધમાં જો સમર્પણની લાગણી હશે તો વ્યક્તિ અંદરથી મજબૂત બની જશે. સંબંધમાં ભાવ રાખો ભાર નહિ, નહીંતો એ સંબંધ લકવાગ્રસ્ત થઈ જશે. મરશે પણ નહિ અને સુખથી જીવશે પણ નહિ. વધુ પડતી આશા તમારા પ્રેમને સુકવી દેશે.

એક કવિએ સાચું જ કહ્યું છે;

નિત્યદિન પ્રત્યેક સવારે વળાઈને સૂપડીમાં ભેગા થતા કચરા જેવા સંબંધો મને વીંટળાઈ વળ્યા છે. સંબંધમાં મનમેળ નહિ હશે તો તિરાડ વીજળીના ચમકારા સાથે સંપૂર્ણ ઘર ચીરી નાખશે. એક સમયે એકમેક માટે પ્રગટતી તીવ્ર ઝંખના ભીંસ અને ચીસનું સ્વરૂપ ધારણ કરી લેશે જો અપેક્ષાનું પાસું વધી જશે તો. આ તિરાડની ગાંઠનું સાયુજ્ય છૂટી ન જાય તો પણ ઢીલું તો અવશ્ય થશે જ. પગની મોચ દવાથી સારી થશે પણ મનની મોચ જાતે જ અહમનો મલમ લાગણીથી હૃદય પર લગાવી સારી કરવી જોઈએ.

સંબંધો બગાડવાવાળા તત્વો ઘરે ઘરે નોક/ડોકિયું કરતા સેલ્સમેન જેવા હોય છે. નબળું મન એના શીશામાં ઉતરી જાય છે. મન મજબૂત હોય તો મનનો વોચમેન એમને ભગાડી દેશે. કેટલાક સંબંધોને ઈન્ટરકોમથી જ પતાવીને મનની લીફ્ટમાં ઘુસવા/દાખલ નહિ થવા દઈને ભગાડી દેવા જોઈએ. જો કેટલાક બળજબરીથી દાખલ થઈ જાય તો ચા-પાણી કરાવીને મનમાંથી વિદાય કરી દેવાના. આપણી જિંદગી કેવળ ડૂસકાં, ડૂમા અને ધ્રાસકા ન બનવી જોઈએ. એમાં હુંફ, લાગણી અને પ્રેમ ઉમેરીને સંબંધની તિરાડ બનતી અટકાવવાની છે.

રાજકીય પરિસ્થિતિ હોય ત્યારે મન ડામાડોળ વધુ થાય છે.. પણ એ વાત તો નિર્વિવાદ છે કે સક્ષમ અને એજ્યુકેટેડ વ્યક્તિ સુશાસન અતિ કાળજી થી કરી શકશે.. સમય હતો અગાવ કે અનુભવી વધુ ધ્યાને લેવતા પણ વર્તમાન માં તો ધૈર્ય વાંન ખત ખમીર અને ખાનદાની કોઈ પક્ષ ની નહીં પણ વ્યકતિ ની હોય છે. એની મુત્સદી અને વ્યક્તિ નો ભાવ રાષ્ટ્ર પ્રત્યે નો પોતાની સંસ્કૃતિ અને સમાજ પ્રત્યે નો તે જોવો ધ્યાને લેવો અતિ જરૂરી છે..

પક્ષ કરતા ઉઠી ને જયારે વ્યક્તિ ને મત આપી ને પ્રજા ચૂંટશે વિજયી બનાવશે ત્યારેજ વચગાળાના ની ચૂંટણીઓ બંધ થશે.. આ બધુજ મતદારે ધ્યાને લેવું અને રાષ્ટ્ર ના વિકાસ માં વ્યક્તિ ની ક્વોલિટી ને સમજી જાણી ને મતદાન કરવું જોઈએ..

ભાવ ભક્તિ સાથે પોતાનું મન નું જતન એજ તો જીવન છે..

સદાચારી બનો...

ઉગ્ર નહીં...

ભારતીય...

એગ્રો ફોરેસ્ટ્રી અને ઈન્ડસ્ટ્રીઝ

દક્ષિણ ગુજરાત ના તમામ ટીમ્બર અસોશીએસન અને ભરૂચ સામાજિક વેન સરક્ષક સર્કલ જેમાં દક્ષિણ ગુજરાત માં આવેલ તમામ જિલ્લા નો સમાવેશ થાય છે તેના વન સરક્ષક ડો.શશી કુમાર દ્વારા એગ્રો ફોરેસ્ટ્રી વિકાસ અને ઉદ્યોગ

ભરૂચ વનીકરણ સર્કલ અને વન વિભાગ ના ઉપક્રમે... ૨૭ ઓક્ટોબર ના ૧૦ થી ૨ એમ ચાર કલાક નો એક સમીટ પાટીદાર ભવન માં રાખવામાં આવશે જેમાં દક્ષિણ ગુજરાત ના જુદા જુદા પ્રદેશ જેમકે બારડોલી , સુરત, ભરૂચ, કિમ, કોસંબા, માંડવી અંકલેશ્વર, વલસાડ, બીલીમોરા, ચીખલી સાયણ ઓલપાડ, કામરેજ પલસાણા, વ્યારા, ચીખલી, નવસારી જેવા દક્ષિણ ગુજરાતના સોમિલ અને પ્લાય વૂડ વિનિઅરના એસોસિએશન સંઘઠન અને ખેડૂત તેમજ કૃષિ યુનિવર્સીટી ના પ્રોફેસર સાથે મળી ને આગામી સમય માં ગુજરાત ને લાકડાં થી સ્વાવલંબી બનાવવું એ દરેક ની ફરજ છે જેનું આગોતરું આયોજન કરવા ચિંતન મનન અને રોડ મેપ ત્યાર કરવા ઉત્સાહ અને ઉર્જા કેન્દ્ર પાટીદાર ભવન કડોદરા માં ૨૭ ઓક્ટોબર ના કરવામાં આવશે..

આજની ચિંતનકણિકા

બાળકને શ્રેષ્ઠ શી રીતે જન્માવવું એ પણ માતાપિતાએ જાણવું જોઈએ. બાળકનો જન્મ એ કેવળ જૈવિક ઘટના ન હોઈ શકે પણ માતૃત્વ અને પિતૃત્વની સાધનાનું ઈશ્વરપ્રદત્ત મીઠું ફળ હોઈ શકે. સારી પ્રજા ઉત્પન્ન કરવી, સુપ્રજનન શાસ્ત્રને સમજીને સંયમપૂર્ણ સમાગમ દ્વારા દિવ્ય, તેજસ્વી, બુદ્ધિમાન અને શક્તિશાળી બાળકને જન્મ આપવો એ પતિપત્નીનો ઉત્કૃષ્ટ ગૃહસ્થધર્મ છે. આ માટે ભારતના મહાન ઋષિમુનિઓનો ભવ્ય જ્ઞાનવારસો આપણને મળેલો છે એનો આપણે ઉપયોગ કરવો જોઈએ. ચરકસંહિતા, સુશ્રુતસંહિતા, અષ્ટાંગહૃદય, કાશ્યપસંહિતા, ગર્ભોપનિષદ જેવા મહાન ગ્રંથો આપણી મૂડી છે.

બાળક એ કેવળ વાસનાનું કે ઇંદ્રિયતૃપ્તિનું પ્રતિફળ ન જ હોઈ શકે. એ તો ઈશ્વરનો પ્રસાદ છે. ઈશ્વરનું અનુપમ સર્જન છે. પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે.

બાળકને જન્મ આપ્યા પછી એને જીવન આપવું એ પણ એટલું જ જરૂરી છે. જીવન આપવું એનો અર્થ એ છે કે એના જીવનમાં સાર્થકતાના રંગો પૂરવા.

હવે આપણે એ જોઈએ કે આ શી રીતે કરી શકાય...

બાળકમાં રહેલા બાળપણને પૂરેપૂરું માણવા દો.

એમાં છુપાયેલું શ્રેષ્ઠત્વ આપોઆપ પ્રગટશે.

બાળકને કવેળાએ મોટો કરી દેવો એ અકાળે વૃદ્ધત્વને નોતરું આપવા બરાબર છે. માટે, બાળપણમાં 'પિતૃત્વ'નું ફળદ્રુપ ખાતર આપી 'માતૃત્વ'નું અમીજળ સીંચી એને પોષણ આપો.

પછી જુઓ ! આપનું બાળક ઉત્કૃષ્ટ બને છે કે નહીં !

મિશન અભિમન્યુ

શ્રી ઉમા એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ

SUV international school

નખત્રાણા માં માતાજીનો હવન

રવાપર મંદિર

ઉમભાવન અંકલેશ્વર માં માતાના ગરબા ની રમઝટ

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત.

"સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા. ૨૩.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નબર ૧૪૫ :

મૈશુર નિવાસી મહિષાસુર મર્દનીએ કઈ માતા બિરાજમાન છે...?

જવાબ : દેવી ચામુંડેશ્વરી

જવાબ આપનાર વિજેતા : હંસાબેન રમણીક લીંબાણી - ઉલ્લાસનગર ૯૬૬૫૫૬૩૩૮૬.

ગઈકાલ તા.૨૪.૧૦.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૪૬ :

ભારત ની પ્રથમ હિન્દી રંગીન ફિલ્મ કઈ હતી...?

આજના પ્રશ્ન નંબર ૧૪૭ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

અવસાન નોંધ

તારીખઃ ૨૩/૧૦/૨૦

સ્વ. લાલજી શિવગણ છાભૈયા, ઉમર : ૮૦ વર્ષ, કચ્છ : થરાવડા, હાલે : વિશાખાપટ્ટનમ.

સ્વ. પાર્વતીબેન હરીભાઈ પોકાર, ઉમર : ૭૭ વર્ષ, કચ્છ : પલીવાડ, હાલે : લવેલ - ખેડ.